

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ભાજપની રાષ્ટ્રિય કારોબારીમાં ભાજપે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનના ઉમેદવાર ઘોષિત કરતા ગુજરાતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ ભાજપના કાર્યકરો આ જાહેરાતથી ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. ડીસા શહેરમાં પણ શહેર ભાજપ દ્વારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની થયેલ જાહેરાતને વધાવી લીધી હતી અને મોડી સાંજે ફટાકડા ફોડી એકબીજાનું મો મીઠુ કરી જશ્ન મનાવ્યો હતો.

# ત્રીજા રાઉન્ડમાં ભારે પવનની સાથે વરસાદથી ખેડૂત ચિંતિત

## વરસાદ ચાલુ રહેશે તો મગફળી અને બાજરીના પાકમાં વ્યાપક નુકશાન થવાની ભીતીથી ખેડૂતોમાં નિરાશા વ્યાપી

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદના ત્રીજા રાઉન્ડની શરૂઆત થઈ છે. પરંતુ આ વરસાદ ખેડૂતો માટે નવી આફત લઈને આવ્યો છે. વાવાઝોડા સાથે વરસાદના આગમનથી ખેતરોમાં ઉભા કપાસના પાકનો સોથો બોલી ગયો છે. બાજરી અને મગફળીનો પાક પણ તૈયાર થવાને આરે છે. ત્યારે જો વરસાદ ચાલુ રહેશે તો મગફળી અને બાજરીના પાકમાં પણ વ્યાપક નુકશાન થવાની ભીતીથી ખેડૂતોમાં નિરાશા વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ૨૦ દિવસના વિરામ બાદ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદના ત્રીજા રાઉન્ડની શરૂઆત થઈ છે. છેલ્લા ૨૦ દિવસથી ઉઘાડ નિકળતા ખેડૂતોએ મગફળી અને બાજરી જેવા પાકો લેવાની શરૂઆત કરી દીધી હતી. અને ખેતરોમાં અત્યારે મગફળી અને બાજરીનાં પાથરા પડ્યા છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી વરસાદ શરૂ થતા ખેડૂતો ચિંતીત બની ગયા છે જો વરસાદ ન અટકે તો ખેતરોમાં પડેલ પાથરા ફરી ઉગી નિકળશે તેવી આશંકા ખેડૂતોને ડરાવી રહી છે જ્યારે બીજી બાજુ છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલ વરસાદે ખેતરોમાં ઉભેલા કપાસના પાકને વ્યાપક નુકશાન થયું છે.

ઉલ્લેખનીય છે કે જ્યોતિષ શાસ્ત્ર મુજબ ફાલ્ગુન નક્ષત્રનો પ્રારંભ થતા ભારે પવન સાથે વરસાદની શક્યતા પ્રબળ બની છે. આ નક્ષત્ર બાદ હાથિયા નક્ષત્ર આવવાનું હોઈ હજી રાજ્યમાં વરસાદ પડશે તેવું જાણકારો જણાવી રહ્યા છે. આ ઉપરાંત ઘેલીચિત્ર નક્ષત્રમાં વરસાદ મોટે ભાગે દરીયામાં પડતો હોવાથી લોકવાયકા છે ત્યારે હજુ જો વરસાદ ચાલુ રહેશે તો ખેતરોમાં ઉભેલા પાકોને વ્યાપક નુકશાન થવાનો ભય રહેલો છે જેના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે.

# પાલનપુરમાં મોડી સાંજે સામાન્ય બાબતે છરી હુલાવી

પાલનપુર, તા.૧૪

પાલનપુરના વીરબાઈ ગેટ અને ટેકનિકલ હાઈસ્કુલ પાછળ હનુમાનજીના મંદિર પાસે હુસેનમિયા નઝિરમિયા સીંધી ઉભો હતો ત્યારે સુરેશ શાંતિલાલ અને અન્ય એક ઉંચો લાંબો માણસ આવીને તેને કહ્યું કે તે કેમ સોનાની ચેઈન પહેરી છે ? તેમ કહી ઉશ્કેરાઈ જઈ સુરેશે અને બીજા શખ્સે હુસેનમિયા નઝિરમિયાને લાકડી મારી અને બીજાએ છાતીમાં છરી ભરાવી સોનાની ચેઈન અંદાજે કિંમત ૩૦,૦૦૦ની લુંટીને ભાગી છુટ્યા હતા. આ બનાવને લઈ ઘટના સ્થળે પોલીસે ચાપતો બંદોબસ્ત ગોઠવી આરોપીઓને પકડવાની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવના પ્રત્યાઘાત શહેરમાં અન્ય જગ્યાએ ના પડે તે માટે ઉપરોકત વિસ્તાર સહિત શહેરમાં ચાપતો બંદોબસ્ત સહીત પોલીસ પેટ્રોલિંગ શરૂ કરી દેવાઈ છે.




મુસ્લિમ સમાજની પવિત્ર હજ યાત્રા અગાઉ બનાસકાંઠાના ૪૦૦ હજયાત્રીઓને પાલનપુર સિવિલમાં જુદા જુદા સંગઠનોએ યાત્રિકોને એકત્ર કરી રસી અપાઈ હતી. (તસવીર : હરેશ જોષી)

# સૌરાષ્ટ્ર તેમજ કચ્છના ઘણા ભાગોમાં ભારે વરસાદ

## જૂનાગઢ, ભાવનગર, ભૂજ, ગ્રામિણ કચ્છના મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયોઃ અમદાવાદમાં તીવ્ર ગરમી

અમદાવાદ, તા.૧૪

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે જેથી જનજીવનને માઠી અસર થઈ છે. હવામાનમાં એકાએક ફેરફાર થયો છે. આજે મોડી સાંજે ગાજવીજ અને અન્યરીતે અતિભારે વરસાદ થયો હતો. જુનાગઢ જિલ્લા, ભાવનગર, ભૂજ અને ગ્રામિણ કચ્છના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. બીજી બાજુ અમદાવાદમાં હવામાન આજે ભેજવાળુ વાતાવરણ રહ્યુ હતુ જેથી લોકોએ ભારે ઉકળાટનો અનુભવ કર્યો હતો. સપ્ટેમ્બરના મહિનામાં મોનસૂનની મોટાભાગે પૂર્ણાહૂતિ થઈ જાય છે. ગુજરાતમાં દર વર્ષે સપ્ટેમ્બરના અંત સુધી વરસાદ પડે છે. આ સપ્તાહમાં દક્ષિણ ગુજરાત અને પોરબંદર જિલ્લાના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થઈ ચુક્યો છે. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા ગુજરાત માટે કોઈ પણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે સૌરાષ્ટ્ર, કચ્છ અને દીવમાં અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. બીજી બાજુ સામાન્યરીતે ઉત્તરપશ્ચિમ પવનો પ્રદેશના નીચાણવાળા વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવાયુ છે કે આંશિકરીતે વાદળછાયુ વાતાવરણ રહેશે. એક - બે જગ્યા પર હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૬.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૪ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી નોંધાયુ હતુ. અમરેલી પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગરમાં પણ હળવા વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આ વર્ષે ગુજરાતમાં અપેક્ષા કરતા સારો વરસાદ નોંધાયો છે જેના પરિણામે ખૂબ સારા પાકની અપેક્ષા રાખવામાં આવી રહી છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ પણ સ્થિર રહે તેવી વકી છે.

# લૂંટ કરવાના ઈરાદે આવેલા એક શખ્સની ધરપકડ કરાઈ

શહેરમાં દિવસે દિવસે લૂંટ, ઘરફોડ, ચોરીના મામલા પ્રકાશમાં આવતા હોય છે ત્યારે આજે શહેરના પૂર્વ વિસ્તાર એવા મણીનગરથી લૂંટ કરવાના ઈરાદે આવેલ શખ્સને ઝડપી પાડવામાં પોલીસ અધિકારીઓને સફળતા મળી છે તેમજ પકડાયેલ શખ્સ પાસેથી મરચાંની ભૂકી પણ મળી આવી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, શહેરમાં છેલ્લા થોડા દિવસોમાં વધી રહેલ લૂંટના મામલના આરોપીને ઝડપી પાડવા માટે અલગ અલગ વિસ્તારમાં પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવાયો છે તેમજ શંકાસ્પદ વ્યક્તિઓની ઉલટ તપાસ કરવામાં આવી રહી છે. આજે પોલીસ અધિકારીઓ દ્વારા શહેરના મણીનગર વિસ્તારમાં આવેલ બાટાના શોરૂમની બાજુની ગલીમાં અજાણ્યો શખ્સ બાઈક પર વારંવાર આટાં મારી રહ્યો હોવાનું માલુમ પડ્યું હતું તરત જ પોલીસના અધિકારીએ સ્થળે પહોંચીને શખ્સને ઝડપી પાડ્યો હતો.

# ગરીબ કલ્યાણ મેળા : ૧૯ કરોડની સહાયનું વિતરણ

## ૨૦૯૩ લાભાર્થીઓને રૂપિયા ૧૮.૯૮ કરોડની સાધન સહાયનું મંત્રી રમણલાલ વોરાના હસ્તે વિતરણ કરાયું

અમદાવાદ, તા.૧૪

બરવાળા તાલુકાના કુંડળ ગામ ખાતે ધંધુકા પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના કુલ ૨૦૯૩ લાભાર્થીઓને રૂા. ૧૮.૯૮ કરોડની સાધન સહાયનું વિતરણ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી રમણલાલ વોરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

સ્વામીનારાયણ મંદિર કુંડળધામ ખાતે માનવ કલ્યાણના મેળાને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રજાને સારૂ જીવન ધોરણ આપવા આહાર, આવાસ અને આરોગ્યની વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. રાજ્યમાં કુલ ૯૭૧ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૭૪,૦૩,૩૭૬ લાભાર્થીઓને કુલ રૂા. ૧૧૦૧૩.૫૮ કરોડની સહાય આપવામાં આવી છે. આગામી સમયમાં ૫૦ લાખ આવાસ બાંધી છાપરૂ ત્યાં ઘર આપવા સરકાર કટિબધ્ધ છે. ગરીબ હટાવવાના સરકારના સ્વપ્નને સાકાર કરવા સૌ પ્રથમ આપે તેમ મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું. અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી ઔડાના ચેરમેન ધર્મેન્દ્રભાઈ શાહે, વિશ્વના નોંધનીય વિકાસના પગલે ગરીબ નાબૂદ કરવાના મુખ્યમંત્રીના પ્રયાસને સાર્થ કરવા સાથ આપવા જણાવ્યું હતું. ધંધુકા પ્રાંત અધિકારી દવેએ જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળામાં ધંધુકાના ૧૧૨૫ લાભાર્થીને રૂા. ૧૧.૫૪ કરોડ, બરવાળા તાલુકાના ૩૨૦ લાભાર્થીને રૂા ૨.૧૭ કરોડની સાધન સહાય અને ચેકનું વિતરણ કરવામાં આવશે. મુખ્યમંત્રીની કન્યા કેળવણી નિધિમાં સમાજના ચાર અગ્રણીઓએ રૂા. ૮૨ હજારના ચેક મંત્રીને અર્પણ કર્યા હતા.

## મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે હરિયાણામાં હશે

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે તા. ૧૫ સપ્ટેમ્બરે બપોરે ૧૨ કલાકે હરિયાણાના રેવારી ખાતે યોજાનારી પૂર્વ સૈનિકોની મહારેલીને સંબોધન કરશે. પ્રધાનમંત્રી પદ માટેની ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે જાહેર થયા બાદ મુખ્યમંત્રી પહેલીવાર હરિયાણાની વીરભૂમિ પરથી રાષ્ટ્રીય સુરક્ષા અંગેના પોતાના પ્રેરક વિચારો પૂર્વ સૈનિકોની આ મહારેલીમાં વ્યક્ત કરશે.



## અંબાજી માર્ગો પર સેવા કેમ્પોનો ધમધમાટ શરૂ

અંબાજીમાં મહામેળાનો શુભારંભ થઈ ગયો છે. માઈભક્તો અંબાજીના માર્ગો પર જય મારી અંબે જય જય અંબેના નાદ સાથે આગળ વધી રહ્યા છે. તેમની સેવા માટે ઠેર ઠેર સેવા કેમ્પો ગોઠવવામાં આવ્યા છે.

## શબ્દાવલી - ૫૧૭૬



### આડી ચાવી

૧. મજબુરી, લાચારી (૪)
૪. પરિણામ, ફળ (૩)
૭. જોગી સ્ત્રીને... કહેવાય (૩)
૮. અડધો મણ (૪)
૯. મમતા, મોહ (૩)
૧૦. અંજલિ, પ્રસાદનું પાણી ગ્રહણ કરવું તે (૪)
૧૨. ખોરાક, અન્ન ખાવું તે (૨)
૧૩. કરામત, અલૌકિક ક્રિયા (૪)
૧૫. વેતન લીધા વગર કામ કરનારૂં (૩)
૧૭. કપટી, દગાબાજ (૩)
૧૮. ના, નકાર (૨)
૨૦. આઠ પછી... આવે (૨)
૨૧. વિવાદ, ચડસાચડસી (૨)

### ઊભી ચાવી

૧. વિયોગ, જુદાઈ (૩)
૨. લાગવગ, ઓળખાણ (૨)
૩. ભીંડીની જાતનો એક છોડ કે તેના રેસા (૨)
૪. આંધળાપણુ (૩)
૫. દારૂ ભરેલ ગ્લાસ (૨)
૬. મોતી (૩)
૮. મોજમજા (૬)
૯. ખાવાની વસ્તુની મુઠ્ઠી બતાવવી તે (૨)
૧૦. આસનીયું (૩)
૧૧. સ્વાગત (૩)
૧૨. ઈમાનદાર (૪)
૧૪. એક અનાજનો ધોડો (૩)
૧૬. ભક્તિભાવથી પ્રભુને નમવાની ક્રિયા (૩)
૧૯. પોઝીશન, મોભો (૨)

### શબ્દાવલી ૫૧૭૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) સમાચાર (૪) પ્રચાર (૬) તર્ક (૭) ગડી (૯) અડકોદડકો (૧૧) અડદ (૧૨) તોપ (૧૩) મળદગ (૧૪) ભડ (૧૫) તવી (૧૬) ડગર (૧૯) તલ (૨૧) જમા (૨૨) આરોપ (૨૩) બરકત

**ઊભી ચાવી :-** (૧) સતર્ક (૨) માર્ક (૩) રગડદગડ (૫) ચામડતોડ (૮) કીડો (૯) અડદ (૧૦) કોપ (૧૧) અળવીતરો (૧૩) મત (૧૪) ભરમાર (૧૭) ગજબ (૧૮) પર્વત (૨૦) લપ

## દોર આરંભાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એવું ઈચ્છતા હતા કે દેશના પાંચ રાજયોમાં નવેમ્બર-ડિસેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા પછી આ નિયુક્તિ કરવી જોઈએ.

તેમની શરત એ પણ હતી કે જો મોદીને વડા-ધાનના ઉમેદવાર ઘોષિત કરવામાં આવે તો તેઓએ પહેલાં કેમ્પેઈન કમિટિના ચીફ અને ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દેવું જોઈએ, જો કે આ મુદ્દાઓ ઉપર ભાજપની પાર્લામેન્ટરી બોર્ડ સહમત ન હતું અને અડવાણીની નારાજગી સાથે આ નિયુક્તિ કરી દીધી છે. ભાજપના ટોચના નેતાઓ માને છે કે વિધાનસભાની ચૂંટણી પહેલાં મોદીની નિયુક્તિ કરી દેવામાં આવે તો આ ચૂંટણીઓમાં તેમની લોકપ્રિયતાનો લાભ લઈ શકાય છે જે ૨૦૧૪?? લોકસભાની ચૂંટણીમાં ફાયદો કરાવી શકે.

મોદી તેમની નવી વરણીથી ખુશ છે. તેમણે કહ્યું હતું કે તેઓ વર્તમાન યુપીએ સરકારના કરપ્શન અને દેશમાં વધતી જતી મોંઘવારી સામે લડશે. વરણી પછી તેમણે મિડીયાને કહ્યું હતું કે તેમની -ાયોરિટીમાં ગુડ ગવર્નન્સ અને ડેવલપમેન્ટ રહેશે. મોદીએ ભાજપ અને દેશભરની જનતાનો આભાર માન્યો હતો. પાર્લામેન્ટરી બોર્ડના તમામ સભ્યોએ મોદીને અભિનંદન આપ્યા છે.

બીજી તરફ, ગુજરાત ભાજપે મોદીને અનેક શુભેચ્છાઓ આપી જૅં મનાવ્યો છે. -દેશ કાર્યાલય અને જિલ્લા કાર્યાલયોમાં ફટાકડા ફોડી આ વરણીને વધાવી લેવામાં આવી છે. ફેસબુક અને ટ્વિટર ઉપર પણ મોદી ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે. મોદી હવે તેમની સરકારમાં ચેઈન્જ લાવવા માગે છે. સૌ -થમ તેઓ મંત્રીમંડળનું વિસ્તરણ કરી શકે છે, કારણ કે હાલના મંત્રીઓ પાસે વધારાના હવાલાના કારણે કાર્યબોજ વધી રહ્યો છે. તેઓ તેમની કેબિનેટમાં આઠ થી દસ સભ્યો ઉમેરી શકે છે. ગુજરાત સરકારના જાહેર સાહસોમાં પણ નિયુક્તિ કરવાનો પ્લાન છે. લોકસભાની તૈયારી પહેલાં તેઓ આ ફેરફારો કરે તેવી સંભાવના છે.

બીજી તરફ, ગુજરાતમાં નવા મુખ્યમંત્રી માટે આગામી મે મહિના સુધીની રાહ જોવી પડે તેમ છે, કારણ કે મોદી હાલ તુરત આ હોદ્દો છોડવા માગતા નથી. લોકસભાની ચૂંટણી થઈ જાય તે પછી એનડીએ સત્તામાં આવે છે કે કેમ તે જોઈને તેઓ નિર્ણય લેશે. જો કે મોદી માટે હવે દેશભ્રમણ મુખ્ય નિશાન હોવાથી તેઓ મંત્રીમંડળના સિનિયર સભ્યોને મહત્વની કોઈ જવાબદારી સોંપે તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. ખાસ કરીને મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ, નાણામંત્રી નિતીન પટેલ અને ઉર્જા મંત્રી સૌરભ પટેલને વધારાનો કાર્યબોજ સોંપાય તેમ મનાય છે.

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના ૨૬ ઉમેદવારો મોદી પસંદ કરશે. તેમનો ટારગેટ ૨૬ પૈકી ૨૩ બેઠકો લાવવાનો છે. આ સફળતા માટે તેઓ પાર્ટીના સિનિયર નેતાઓને સરકારમાં અનેક હોદ્દાઓ આપીને -ોત્સાહિત કરે તેવું લાગી રહ્યું છે.

## અમદાવાદ બ્રહ્મસમાજ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અમદાવાદ શહેરનો ૧૫મો પારિતોષિક વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન ૨૦મી ઓકટોબર-૧૩ના રોજ શ્રીમાળી બ્રાહ્મણ હોલ, પાલડી ખાતે રાખવામાં આવેલ છે. તેના ફોર્મ તા. ૧૦મી ઓકટોબર સુધી પરત કરવાના રહેશે તથા ૨૧મો જીવન સાથી પસંદગી મેળો તા. ૨૯મી ડીસેમ્બરના રોજ સંસ્કાર કેન્દ્ર, દિવાન બલ્લુભાઈ શાળા સામે પાલડી ખાતે રાખવામાં આવેલ છે તેના ફોર્મ સંસ્થાના કાર્યાલય શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અમદાવાદ શહેર, ઈ-૩૦૮ ઘંટાકર્ણ મહાવીર માર્કેટ, સારંગપુર દરવાજા બહાર, અમદાવાદ ખાતે (૦૭૯-૨૨૧૭૦૬૪૩) તા. ૩૦મી નવેમ્બર-૧૩ સુધી પરત કરવાના રહેશે એમ સંસ્થાના મહામંત્રી શ્રી હિતેષ આર. ત્રિવેદીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

## જાહેરખબર

સરકાર માન્ય અ કે બ કેટેગરીની તેમજ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થા / મંડળી પાસેથી રૂ. ૧૦૦ થી રૂ. ૧૨૫ની મર્યાદામાં અંદાજે ૧૭૦૦ નંગ 'શાલ' ખરીદવાની હોઈ તે માટેના ભાવ (શાલનો નમુનો સાથે રાખવાનો રહેશે.) તા. ૨૧/૯/૨૦૧૩ સાંજના ૫.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બ્લોક નં. ૧૧/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ (ટેલીફોન નં. ૦૭૯-૨૩૨-૫૪૦૮૯)ના સરનામે મોકલી આપવાના રહેશે. આ અંગેનો આખરી નિર્ણય કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો રહેશે.

સહી/-
**રાજેશ માંજુ** (I.A.S.)
કમિશનર

માહિતી/૧૨૩૫/૧૩-૧૫ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચૂકડી જાહેર ખબર
વેચવાનું છે
ગાંધીનગર સે.૮ના પોશ એરિયામાં ટાઈટલ ક્લીયર ૩૩૦ ચો.મી.માં પ્લોટ-મકાન વેચવાનું છે.
સંપર્ક
મો. : ૯૧૭૩૦ ૯૧૮૩૧
મો. : ૯૪૨૭૪ ૦૦૮૨૪
વેચવાનું છે
ઓફીસમાં આવેલું એલ્યુમિનિયમ કાચ સહિતનું સેકશન પાર્ટીશન તાત્કાલિક વેચવાનું છે.
અંદાજિત ૬૦૦ સ્કે. ફીટ
મો : ૯૯૭૪૭ ૦૩૪૦૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.